# યુદ્ધકાળમાં લશ્કર જેટલા જ મહત્ત્વનાં હોય છે લશ્કરી કેન્દ્ર



**ઈરાનનું નિયમિત લશ્કર IRGCમાં આર્મી, નેવી અને એરફોર્સની ત્રણ પાંખ ઉપરાંત ક્વાડ્સ ફોર્સ કહેવાતું સ્પેશિયલ ઓપરેશન્સ અને બિનપરંપરાગત યુદ્ધ સાથેના ખાસ મિશન્સ પાર પાડતું કમાન્ડો જેવું દળ છે**

ઈરાન-ઇઝરાયેલ અને અમેરિકા વચ્ચેનું વર્તમાન ત્રિપાંખીયું યુદ્ધ એના અનેક ઉતાર-ચડાવ સાથે હાલ લગભગ તેના ચરમ પર છે. તેના વિશે વિવિધ મુદ્દે ચર્ચા પણ થયા કરે છે અને હાલ તરત તો આ યુદ્ધનો કોઈ અંત પણ દેખાતો નથી. એટલે ચર્ચાના મુદ્દા પણ અનંત રહેવાના એ ચોક્કસ છે. આ તમામ મુદ્દાઓ પૈકી એક મુદ્દો એ યુદ્ધની વ્યૂહરચના ઘડીને તેના યોગ્ય અને સંકલિત અમલનાં મુખ્ય કેન્દ્ર તરીકે આ ત્રણેય દેશોનાં મિલિટરી અને ડિફેન્સ હેડક્વાર્ટર્સને જાણવા-સમજવા અંગેનો પણ



છે. આ સંદર્ભે અમેરિકાના પેન્ટાગોનનું નામ તો હવે જગવિખ્યાત છે પણ તે સાથે અહીં ઇઝરાયેલ અને ઈરાનના મિલિટરી અને ડિફેન્સ હેડક્વાર્ટર્સ અંગે પણ વિગતે વાત કરી છે.

આ વિષય કેટલો રસપ્રદ અને વર્તમાન પરિસ્થિતિમાં પ્રસ્તુત છે એનો ખ્યાલ એ બાબત પરથી આવે છે કે અમેરિકાના પેન્ટાગોનનું નામ ભલે વિશ્વવિખ્યાત હોય પણ તેના વિશેની ઘણી ઓછી માહિતી દુનિયા સમક્ષ આવી છે. એની સામે વળી, ઇઝરાયેલ અને ઈરાનનાં મિલિટરી અને ડિફેન્સ હેડક્વાર્ટર્સ વિશે તો ભાગ્યે જ કોઈ

**બોર્ડર**

**કેપ્ટન શૂરવીર સિંહ**

જાણે છે. આ સાથે જ ઈરાનના દ્વિપાંખીયા લશ્કરી માળખા વિશે પણ થોડી માહિતી સમાવી લીધી છે.

પેન્ટાગોન(અમેરિકા): અમેરિકાની લશ્કરી ગતિવિધિનું સંચાલન જ્યાંથી થાય છે એવું પેન્ટાગોન બીજા વિશ્વયુદ્ધના સમયગાળામાં 1941થી 1943 દરમ્યાન બન્યું હતું. આ સેન્ટરનું નામ પેન્ટાગોન એટલા માટે છે કે અહીં 5 બિલ્ડિંગસમાં 5 વિંગ આવેલી છે અને પેન્ટાગોનના સમગ્ર બાંધકામનો આકાર પંચકોણ જેવો છે. પેન્ટાગોનનું રિનોવેશન પણ થતું રહ્યું છે. જોકે અમેરિકાનું આ લશ્કરી કેન્દ્ર એ રીતે બનાવાયું છે કે તે એક અલાયદી વસાહત જ લાગે અને અહીં કામ કરતાં લોકોની બધી જ જરૂરિયાતો અહીંથી જ પૂરી થઈ જાય. દા.ત. અહીં ફૂડ કોર્ટ અને શોપિંગ મોલ પણ છે. એ ઉપરાંત આ આખી વસાહત CCTVની નજર હેઠળ સુરક્ષિત છે.

આ સાથે એ કહેવાની જરૂર નથી કે અમેરિકાના બધા મહત્ત્વપૂર્ણ લશ્કરી નિર્ણયો અહીંથી લેવામાં આવે છે.

### ઈરાનનું દ્વિપાંખીયું લશ્કરી માળખું

સામાન્ય રીતે કોઈ પણ દેશ પાસે એક જ લશ્કર હોય જેની ત્રણ પાંખ હોય, આર્મી, નેવી અને એરફોર્સ પણ ઈરાન પાસે દ્વિપાંખીયું લશ્કર છે. એક, ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ(Islamic Revolutionary Guard Corps-IRGC) અને આર્તિશ(Artesh) કહેવાતું ઈરાનનું નિયમિત લશ્કર. ઈરાનનું નિયમિત લશ્કર IRGCમાં આર્મી, નેવી અને એરફોર્સની ત્રણ પાંખ ઉપરાંત ક્વાડ્સ ફોર્સ કહેવાતું સ્પેશિયલ ઓપરેશન્સ અને બિનપરંપરાગત યુદ્ધ સાથેના ખાસ મિશન્સ પાર પાડતું કમાન્ડો જેવું દળ છે. તે ઉપરાંત Basij-બાસિજ કહેવાતું ઈરાનની આંતરિક સુરક્ષા માટે જવાબદાર દળ પણ છે. આ રીતે IRGC એ કુલ પાંચ લશ્કરી દળોનો સમૂહ છે અને એ રીતે ઈરાનના નિયમિત લશ્કરની સમાંતરે જ કામ કરતું એક સ્વતંત્ર લશ્કર છે. IRGCનું મુખ્ય કામ ઈરાનમાં આધુનિકતા સાથે ઇસ્લામિક સિદ્ધાંતો મુજબની શાસન વ્યવસ્થા બહાલ રહે તે જોવાનું છે. આ સમાંતર લશ્કર સીધું ઈરાનના સુપ્રીમ લીડરને જવાબદાર હોય છે. આ રીતે એમ કહેવું ખોટું નથી કે આજના વિશ્વમાં ઈરાન એકમાત્ર એવો દેશ છે જેની પાસે શાસનના સ્તરે ઇસ્લામિક સિદ્ધાંતોના ચુસ્ત અમલ માટે એક સ્વતંત્ર અને મજબૂત લશ્કર છે અને તેને વળી, ઈરાનની વર્તમાન શાસન વ્યવસ્થાની પણ સત્તાવાર માન્યતા પ્રાપ્ત થયેલી છે.

કિર્યા અને હા-કિર્યા: એ જ રીતે કિર્યા અને હા-કિર્યા (Kirya and Ha-Kirya) ઇઝરાયેલનું સર્વોચ્ચ લશ્કરી કેન્દ્ર છે, જે તેલ અવીવમાં મટકલ બિલ્ડિંગ ખાતે આવેલું છે. ઇઝરાયેલના આ સર્વોચ્ચ લશ્કરી કેન્દ્ર અંગેની રસપ્રદ બાબત એ છે કે તેનો ઇતિહાસ બ્રિટિશ રાજના સમયમાં તો જાય છે પણ તે ઉપરાંત ઓટ્ટોમન સામ્રાજ્યના સમયમાં પણ જાય છે.

ઈરાન સાથેના વર્તમાન યુદ્ધના આરંભમાં જ સ્વાભાવિક રીતે ઇઝરાયેલનું આ લશ્કરી કેન્દ્ર ઈરાનના હવાઈ હુમલાનું પણ નિશાન બની ચૂક્યું છે.

જનરલ સ્ટાફ ઓફ ધ આર્મ્ડ ફોર્સિસ ઓફ ધ ઇસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાન: આ ઈરાનના લશ્કરનું સર્વોચ્ચ લશ્કરી પાયદાન(અહીં સ્તરના અર્થમાં) છે, જે IRGC અને આર્તિશ એ બંનેનું સંકલન યુદ્ધકાળ અને શાંતિકાળ એમ બંને સમયમાં કરે છે. ટૂંકમાં, યુદ્ધકાળમાં લશ્કર જેટલા જ મહત્ત્વનાં તેમનું સંચાલન અને સંકલન કરતાં લશ્કરી કેન્દ્ર પણ હોય છે.

### ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું?

1979માં ઈરાનમાં તત્કાલીન શાસન વિરુદ્ધ ક્રાંતિ થઈ હતી. ફેબ્રુઆરી, 1979માં આ ક્રાંતિનો સત્તાવાર અંત આવ્યો એ સાથે આ ખાસ લશ્કરનું ગઠન શરૂ થયું હતું અને રાષ્ટ્રીય સુરક્ષાના સત્તાવાર હેતુ સાથેના આ ખાસ લશ્કરનું ગઠન સત્તાવાર રીતે 5મી મે 1979ના રોજ થયું હતું. આ સશસ્ત્ર દળની અનેક ખાસિયતોમાંની એક ખાસિયત એ પણ હતી કે તે એક ક્રાંતિના પરિણામે થયેલા સત્તા પલટા પછી અસ્તિત્વમાં આવ્યું હતું. આ ઉપરાંત એક ચોક્કસ ધર્મના સિદ્ધાંતો મુજબ શાસન ચાલે એ જોવું એ તેની અન્ય એક ખાસિયત હતી. આ સશસ્ત્ર દળનો લંબાણપૂર્વકનો ઇતિહાસ અને તેની સ્થાપના સમયના સંજોગોની વાત કરીએ તો તેના વિશે તો આખો સ્વતંત્ર લેખ થાય અને તેમાં ઘણાં વૈશ્વિક, ભૌગોલિક અને રાજકીય પાસાં પણ ઉમેરવા પડે જેની ચર્ચા અહીં અસ્થાને છે. જોકે યુદ્ધકાળની ઈરાનની વર્તમાન સ્થિતિની વાત કરીએ તો એમ કહી શકાય કે આ યુદ્ધમાં ઈરાનના સુપ્રીમ લીડર બદલાયા હોવા છતાં આ દળની મૂળભૂત ભૂમિકા બદલાઈ નથી અને ઈરાનમાં બદલાયેલાં વર્તમાન આંતરિક સત્તાનાં સમીકરણો વચ્ચે આ દળે ઈરાનની કેન્દ્રીય સત્તા હસ્તગત કરી છે અને ઈરનના રાષ્ટ્રપતિને રબર સ્ટેમ્પ જેવા બનાવી દીધા છે. આ પરિવર્તન પરથી એ સ્પષ્ટ છે કે ઈરાનના આ સશસ્ત્ર દળનો મૂળભૂત હેતુ ગમે તે હોય પણ બદલાયેલી પરિસ્થિતિમાં તે નવા કલેવર સાથે વધુ મજબૂત રીતે ઉપસ્યું છે.




# કોમેડીના ધુરંધર અક્ષયકુમારે પણ પીછેહઠ કરવી પડી!

**ભારતમાં માત્ર 34 IMAX થિયેટરો છે. જેમાંથી મોટાભાગના 'ધુરંધર 2'ના કબજામાં હતા. જોકે, સોશિયલ મીડિયા પર ફેન્સના ભારે વિરોધ બાદ 'પ્રોજેક્ટ હેલ મેરી' માટે IMAX શોની સંખ્યા વધારવામાં આવી છે**

રણવીર સિંહની 'ધુરંધર : ધ રિવેન્જ'ની આગળ- પાછળ રજૂ થવાની હિંમત કોઈ હિન્દી ફિલ્મ કરી શકી નથી ત્યારે હોલિવૂડની ફિલ્મ 'પ્રોજેક્ટ હેલ મેરી'એ સાથે તો નહીં પણ એક સપ્તાહ બાદ સાહસ જરૂર કર્યું છે! તો 'ધ મમી' ૧૭ એપ્રિલે આવી રહી છે અને માઈકલ જેક્સનની બાયોપિક 'માઈકલ' ૨૪મીએ આવી રહી છે. સામાન્ય રીતે અગાઉ એવું બનતું રહ્યું છે કે હોલિવૂડની મોટી ફિલ્મ સામે હિન્દી ફિલ્મ રજૂ થતી ન હતી. રાયન ગોસલિંગ અભિનીત સાયન્સ ફિક્શન એડવેન્ચર ફિલ્મ 'પ્રોજેક્ટ હેલ મેરી' અમેરિકા અને બાકીના વિશ્વમાં રજૂ થયાના એક અઠવાડિયા પછી ભારતીય સિનેમાઘરોમાં આવી છે. ભારતીય દર્શકો માટે થોડી નિરાશાજનક વાત એ છે કે IMAXમાં શૂટ થયેલી આ ફિલ્મને 'ધુરંધર 2'ની બમ્પર સફળતાને કારણે ફક્ત 9 IMAX શો મળ્યા હતા. 'ધુરંધર 2' પાસે આખા ભારતમાં આશરે 18000થી વધુ શો છે જ્યારે 'પ્રોજેક્ટ હેલ મેરી'ને માત્ર 1600 જેટલા શો જ મળ્યા છે.

ભારતમાં માત્ર 34 IMAX થિયેટરો છે. જેમાંથી મોટાભાગના 'ધુરંધર 2'ના કબજામાં હતા. જોકે, સોશિયલ મીડિયા પર ફેન્સના ભારે વિરોધ બાદ 'પ્રોજેક્ટ હેલ મેરી' માટે IMAX શોની સંખ્યા વધારવામાં આવી છે. 'ધુરંધર 2'એ માત્ર 11 દિવસમાં ભારતમાં રૂ.800 કરોડ અને વિશ્વભરમાં રૂ.1225 કરોડથી વધુનું કલેક્શન કરીને ઐતિહાસિક સફળતા મેળવી છે. આટલી મોટી ફિલ્મ સામે હોલિવૂડની ફિલ્મને ટકી રહેવા માટે માત્ર વર્ડ ઓફ માઉથ પર જ આધાર રાખવો પડી રહ્યો છે. 'ધુરંધર 2'ના જબરદસ્ત ક્રેઝને કારણે 'પ્રોજેક્ટ હેલ મેરી'ની શરૂઆત ભારતમાં ધીમી રહી છે. પરંતુ જે લોકોને સાયન્સ ફિક્શન અને ઈમોશનલ સ્ટોરીમાં રસ છે તેઓ આ

**ફિલ્મોગ્રાફ**

**રાકેશ ઠક્કર**

ફિલ્મને જોવા માટે થિયેટર શોધી જ લે છે. ખાસ કરીને મલ્ટિપ્લેક્સ અને મેટ્રો શહેરોમાં પકડ મજબૂત થઈ રહી છે. આ ફિલ્મ માટે રિતિક રોશને પણ ઘણું પ્રમોશન કર્યું છે. જેના કારણે લોકોમાં ઉત્સાહ વધ્યો હતો. લોકો અને સમીક્ષકોની પ્રશંસા મળી રહી હોવાથી આવક વધી રહી છે.

જો કે એક પછી એક અનેક રેકોર્ડ બનાવી રહેલી 'ધુરંધર 2'ના ધંધા સામે એની કોઈ વિસાત નથી પણ પહેલા દિવસે રૂ.2.8 કરોડ મળ્યા બાદ વીકએન્ડ સુધીમાં વધુ સ્ક્રીન મેળવીને રૂ.17 કરોડની કમાણી કરી હતી. ફિલ્મે વિશ્વભરમાં તેના બજેટ જેટલી કમાણી પહેલા અઠવાડિયામાં જ કરી લીધી છે પણ ભારતમાં તેને હજુ પણ 'ધુરંધર 2' સાથે સ્પર્ધા કરવી પડશે. હોલિવૂડની આ ફિલ્મે સાબિત કર્યું કે ભારતીય પ્રેક્ષકો હવે માત્ર એક્શન જ નહીં પણ સારા કન્ટેન્ટ અને વિજ્ઞાન આધારિત વાર્તાઓને પણ એટલો જ પ્રેમ આપે છે. જો લોકોમાં 'પ્રોજેક્ટ હેલ મેરી' માટેનો ક્રેઝ વધશે તો જ તેને વધુ શો મળશે, નહીંતર 'ધુરંધર 2'ના કલેક્શન સામે તેને ટકી રહેવું અઘરું પડી શકે છે. 'ધુરંધર 2'ને ટક્કર આપવા માટે તેને માત્ર અંગ્રેજીમાં જ નહીં હિન્દી, તમિલ અને તેલુગુમાં પણ મોટાપાયે રિલીઝ કરવામાં આવી હતી. હોલિવૂડ મેકર્સે એવો પ્રયત્ન કર્યો છે કે જે પ્રેક્ષકો સાયન્સ-ફિક્શનના શોખીન છે તેમને પોતાની તરફ ખેંચી શકાય. માનવતાને બચાવવાના મિશન પર નીકળેલા એક વિજ્ઞાન શિક્ષકની વાર્તા છે, જેને નાસા પૃથ્વી બચાવવા સ્પેસમાં મોકલે છે. ફિલ્મમાં એક એલિયન પાત્ર છે. જેનું નામ રોકી છે. તેની સાથેની મિત્રતા અને ઈમોશનલ બોન્ડ એટલા મજબૂત છે કે ક્લાઈમેક્સમાં રડવું આવી શકે છે. ત્યારે દર્શકોએ હસવા માટે 'ભૂત બંગલા'ની હજુ વધુ રાહ જોવી પડશે. 'ધુરંધર 2'ને કારણે કોમેડીના ધુરંધર અક્ષયકુમારે પણ યશની 'ટોક્સિક'ની જેમ પીછેહઠ કરવી પડી છે.

મલ્ટિપ્લેક્સ અને સિંગલ સ્ક્રીન્સમાં પૂરતી જગ્યા ન મળવાને કારણે મેકર્સે હવે ૧૭ એપ્રિલે રજૂ કરવાનું નક્કી કર્યું છે. તેમને આશા છે કે ત્યાં સુધીમાં 'ધુરંધર 2'નો ક્રેઝ થોડો ઓછો થશે અને 'ભૂત બંગલા'ને યોગ્ય ન્યાય મળશે. ફિલ્મને સેન્સર બોર્ડ તરફથી U/A-16 પ્રમાણપત્ર મળી ગયું છે. આ એક હોરર-કોમેડી ફિલ્મ છે. અક્ષયકુમાર અને પ્રિયદર્શનની જોડીએ અગાઉ 'ભૂલ ભુલૈયા' જેવી ક્લાસિક ફિલ્મ આપી છે તેથી પ્રેક્ષકોમાં ભારે ઉત્સુકતા છે. ફિલ્મમાં અક્ષય કુમારની સાથે પરેશ રાવલ, રાજપાલ યાદવ અને જોની લીવર જેવા દિગ્ગજ કોમેડિયન જોવા મળશે. વિવેચકોનું માનવું છે કે અગાઉ ત્રણ વખત તારીખ બદલનાર 'ભૂત બંગલા' માટે ૧૭ એપ્રિલનો સ્લોટ પણ જોખમી હોઈ શકે છે. કારણ કે 30 એપ્રિલના રોજ રામચરણની 'પેદ્દી' જેવી મોટી ફિલ્મો લાઈનમાં છે. ફિલ્મના નવા ટીઝરની શરૂઆત એક દમદાર સંવાદથી થાય છે: 'કુસ્તી મતલબ બલ્લા પકડ કર ગેંદ કા સામના કરના નહીં, જાન હથેલી મેં લેકર મૌત સે લડના હૈ.' જે ફિલ્મનો મિજાજ સ્પષ્ટ કરી દે છે. છેલ્લે રામ ચરણનો અવાજ 'ખેલે હમરા ઘમંડ હૈ, સમઝે' એક અલગ જ અસર છોડે છે. જોકે, અક્ષય કુમાર અને પ્રિયદર્શનની બ્રાન્ડ વેલ્યુ જોતાં જો 'ભૂત બંગલા'નું કન્ટેન્ટ સારું હશે તો તે ચોક્કસપણે બોક્સ ઓફિસ પર ધમાલ મચાવશે.

### ઓટોગ્રાફ !

સલમાનની આગામી અનામ ફિલ્મમાં અનિલ કપૂર પણ જોવા મળી શકે છે. 'સ્વેગ' અને 'ઝકાસ'નું આ કોમ્બિનેશન છે. બસ પ્રાર્થના એ છે કે અનિલ સલમાનને પણ તેની ઉંમર ઘટાડવાની ટિપ્સ ન આપી દે!

# ...તો રોગનો વાળ પણ વાંકો થતો નથી..!

ધર્મનું પાલન કરવાથી માણસનું કલ્યાણ થતું હોય તો તે ધર્મની વિધાયક ફલશ્રુતિ ગણાય. પરંતુ શું ખરેખર એવું થાય છે..? આતંકવાદીઓ કે શહેરના ગુંડા મવાલીઓ પણ કોઈ ને કોઈ ધર્મ પાળતા હોય છે. સત્ય એ છે કે દુ:ખીઓનાં આંસુ લૂછવા જેવો ધર્મ બીજો એકે નથી. માણસ રક્ષકને બદલે ભક્ષક બની રહે એવો ધર્મ ધિક્કારયુક્ત ગણાય. જપમાળાના મણકા ઘસાતાં રહે અને માણસો કણસતા રહે એવા ધર્મનો શો ફાયદો? એક તરફ ટીલાં ટપકાં અને હોમ હવન થતાં રહે છે અને બીજી તરફ જિંદગીની જલન ચાલુ રહે છે. એવું ન થાય તે માટે અંતરજ્ઞાન ભેગું અક્ષરજ્ઞાન પણ જરૂરી છે.

શ્રીહરિ પાસે જતાં પહેલાં શિક્ષકો પાસે

**ઘડપણમાં ગીતા વાંચવા કરતાં આરોગ્યપૂર્તિ વાંચવાથી વધુ ફાયદો થાય છે. પારાયણમાં બેસવા કરતાં 'પ્રાણાયામ' કરવું વધુ લાભકારી નીવડે છે. રોજ ગીતાનો એક અધ્યાય વાંચો તેના કરતાં એક કિલોમીટર ચાલો તેમાં વધુ ફાયદો છે**



જવું ફરજિયાત બનવું જોઈએ. સર્વ ધર્મગુરૂઓ કે કથાકારોની એ ફરજ છે કે તેમણે લોકોને ફક્ત ધર્મની નહીં, શિક્ષણની ઉપયોગિતા પણ સમજાવવી જોઈએ. માણસની મનની મઢૂલીને શિક્ષણની સાવરણીથી સાફ કર્યા પછી જ આંગણાંમાં પૂરેલી ધર્મની રંગોળી શોભશે. ગીતા, વેદ ઉપનિષદ જેવા ધર્મશાસ્ત્રો ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન જેવાં છે. જીવનમાં તેનો બુદ્ધિપૂર્વક ઉપયોગ નહીં કરવામાં આવે ત્યાં સુધી તે વડે કશું કલ્યાણ સંભવતું નથી. મોંઘી દવા પેટમાં જવાને બદલે બોટલમાં જ પડી રહે તો રોગનો વાળ પણ વાંકો થતો નથી.

માનવીના જીવનની વાત આવે તો એટલું જરૂર સમજાય છે કે આજના સંક્રાંતિકાળમાં દિનપ્રતિદિન માનવજીવન દુષ્કર બનતું જાય છે. મોંઘવારીએ માઝા મૂકી છે. ગરીબોએ ક્યારેક ભૂખ્યા સૂવું પડે છે. આજની અનેક આસમાની-સુલતાની વચ્ચે કરોડપતિઓને પણ ઊંઘની ગોળી લીધા વિના ઊંઘ આવતી નથી. સ્થિતિ એવી હોય ત્યારે ભગવાનની છબી આગળ દીવો બળે તે કરતાં ચૂલે દાળ ચઢે તે જરૂરી છે.

શિવાલય બંધાય તે કરતાં ભોજનાલય બને તે વધુ જરૂરી ગણાય. મંદિરની મૂર્તિને પિતાંબર પહેરવા મળે તે પહેલાં કોઈ જીવતો જાગતો પશલો પાંચ વારના પોતિયાથી વંચિત ના રહી જાય તે જોવાવું જોઈએ. (નહીંતર પોતિયાથી વંચિત રહી ગયેલા પશલાનું કાળેક્રમે ચડ્ડીબનીયનધારીમાં રૂપાંતર થઈ જશે) દેવસ્થાનકમાં પડી રહેતી ગીતામાં પાંચ પાનાં ઓછાં હશે તે ચાલશે પણ બેંકની પાસબુકમાં બેલેન્સ ઓછું હોય તો આ મોંઘવારીમાં કોઈ અર્જુનનો રથ આગળ વધી નહીં શકે.

જરા બીજી વાત કરી લઈએ. એક પ્રશ્ન એ પણ થાય છે. આનંદ એટલે શું..? કંઈક એવું સમજાય છે કે આનંદ એટલે સુખની શેરડીમાંથી બનતો ગોળ..! તમારી પાસે કાર હોય પણ ચલાવતાં ન આવડતું હોય તો તમારે રિક્ષા કરવી પડે. ઈશ્વરે મજબૂત શરીર આપ્યું હોય પણ દેહની જાળવણી ઠીક નહીં કરો તો સુખ નહીં મળી શકે. ઘડપણ જિંદગીનો ડેન્જર ઝોન ગણાય. ૮૮ વર્ષના

**જીવન સરિતાને તીરે**

**દિનેશ પાંચાલ**

કોઈ વૃદ્ધનું શરીર ચોરસફૂટના હિસાબે રોગોએ વહેંચી લીધું હોય ત્યારે તેની દશા એવી થઈ જાય છે માનો જંગલમાં એક હરણ પર ત્રણ વાઘ ત્રાટક્યા હોય.

અનુભવી વૃદ્ધો કહે છે: 'ઘડપણમાં ગીતા વાંચવા કરતાં આરોગ્યપૂર્તિ વાંચવાથી વધુ ફાયદો થાય છે. પારાયણમાં બેસવા કરતાં 'પ્રાણાયામ' કરવું વધુ લાભકારી નીવડે છે. રોગ થાય ત્યારે ડોક્ટરના દરવાજા ભલે ખખડાવો પણ તેમાં જરા પણ વિલંબ થવો જોઈએ નહીં. તાત્પર્ય એટલું જ કે રોગને દેહમાં ઘૂસતો જ અટકાવવો જોઈએ. મતલબ ડોક્ટરને ત્યાં આસન જમાવવાને બદલે ઘરમાં નિયમિત યોગાસન કરો.

બેંકની પાસબૂકમાં કરોડો રૂપિયા જમા હોય તો કોને આનંદ ન થાય..? પણ જેમને દેહવિજ્ઞાનની જાણકારી હોય છે તેઓ માને છે કે બેંક બેલેન્સ કરતાંય દેહમાં હિમોગ્લોબિન, કેલ્શિયમ વગેરેનું બેલેન્સ ઠીકઠાક હોવું જોઈએ. ડાહ્યા માણસો સલામતી ખાતર ઘરેણાં બેંકના લોકરમાં રાખે છે પણ તેઓ જાણે છે કે બેંકમાં લોકર હોવા કરતાં ઘરમાં વોકર હોવું વધુ જરૂરી છે. ઘડપણમાં રોજ ગીતાનો એક અધ્યાય વાંચો તેનાં કરતાં એક કિલોમીટર ચાલો તેમાં વધુ ફાયદો છે. જમીન જાયદાદ એ ભૌતિક સંપતિ છે. જીવન માટે એ પણ ઉપયોગી ખરી પણ હિમોગ્લોબિન, રક્તકણ, શ્વેતકણ, કેલ્શિયમ, ઈન્સ્યુલિન વગેરે દેહની સાચી મિલકત ગણાય. એ સંપત્તિ વિના ભૌતિક સુખનો આનંદ મળી શકતો નથી. મોટી માંદગી આવી પડે ત્યારે કંગન નેકલેસ, કે બંગડીઓના બિલ કરતાં કાર્ડિયોગ્રામ, એન્ડોસ્કોપી કે બાયપ્સીનું બિલ વધારે આવે છે. એવી વિકટ ઘડી આવે છે કે કંગન વેચીને કોલેસ્ટોરોલની ટ્રીટમેન્ટ કરાવવી પડે છે. અથવા બંગડી વેચી બાયોપ્સી કરાવવી પડે છે. એથી ઘડપણમાં બાહ્ય મિલકતની નહીં પણ આંતરિક મિલકતની પણ કાળજી લેવી જોઈએ. થાય છે એવું કે આપણે રામની જેટલી કાળજી લઈએ છીએ તેટલી હૃદયની નથી લેતા. ચાર ધામ યાત્રા કરીએ છીએ પણ ચાલતા મુદ્દલે નથી.. જાત સાથેનું આ સ્વપીડન સત્વરે છોડવા જેવું છે. જાત રહે સુખી તો દુનિયામાં રહેવાય ટકી..!

### ધૂપછાંવ

ઘરમાં જપમાળા હોય પણ અન્નના દાણા નહીં હશે તો ધર્મમાં તમારું ધ્યાન નહીં લાગે કેમ કે ભૂખ્યાનો ભગવાન રોટી હોય છે. ધર્મ કેવળ પોથીલક્ષી નહીં જીવનલક્ષી હોવો જોઈએ.